ખાન. આર.ની. રજી.

જા.ન./એબી / ટેન્ડર / ખા.લે. / ૨૭૦૪ / ૨૦૨૫

કાર્યપાલક ઈજનેરની કચેરી,
અમદાવાદ (મા × મ) વિભાગ,
બ્લોક — સી, બીજે માળ,
બહુમાળી ભવન, વસ્ત્રાપુર
અમદાવાદ — ૫૨.
તા.૦૯/૦૭/૨૦૨૫

પ્રતિ,
ગ્લોબલ એન્જીનીયરીંગ એન્ડ જીઓટેકનીકલ સર્વિસીસ એલએલપી,
બીએલ નં.૧૦૩, ખાતા નં.૫૪૨, મુ.પો.પનવાડી,
ઉનાઈ રોડ, વ્યારા, તા.વ્યારા,
જિ.તાપી ૩૯૪૬૫૦

વિષય :— માન્ય લેબોરેટરી તરીકે માન્યતા આપવા બાબત.
સંદર્ભ :— ૧. સરકારશ્રીના મા.×મ. વિભાગના પત્ર ક્ર :એલએબી/૧૦/૨૦૨૫ / ૧૯૪/સી, તા.૦૫/૦૪/૨૦૨૫
૨. આપશ્રીનો તા.૧૬—૦૪—૨૦૨૫નો પત્ર.

મહાશય,

ઉપરોક્ત વિષય પરત્વે જયભારત સહ જણાવવાનું કે, આપની લેબોરેટરીની માન્યતાની મુદત ખાનગી લેબોરેટરી દ્વારા હાથ ધરવામાં આવતાં માલસામાનના પરીક્ષણોના નવા ભાવો (જીએસટી વગરના) સરકારશ્રીના સંદર્ભ—૧ હેઠળના પત્રથી મંજુર થતાં સરકારશ્રી કક્ષાએથી આયોજીત કમિટિની તા.૨૦/૧૨/૨૦૨૪ના બેઠકના નિર્ણય અન્વયે પુર્ણ થયેલ છે.

સરકારશ્રીની મંજુરીની શરત નં.૨૨ અન્વયે આપના સંદર્ભ—૨ હેઠળના પત્ર દ્વારા મંજુરીની તમામ શરતોને આધીન નવા ભાવો (જીએસટી વગરના) થી પરીક્ષણની કામગીરી હાથ ધરવા અર્થે સંમતિ આપવામાં આવેલ છે.

જે અન્વયે ટેન્ડરની જોગવાઈ અનુસાર તેમજ સરકારશ્રીની ભાવો મંજુરીની શરતોને આધીન આપની ખાનગી લેબોરેટરીને એનએબીએલ સર્ટીફીકેટ મળેલ હોય તે તારીખ (તા.૨૯/૧૨/૨૦૨૫) અથવા તા.૩૧/૦૩/૨૦૨૬ બેમાંથી જે તારીખ વહેલી પુર્ણ થતી હોય ત્યાં સુધી માન્યતા વધારી આપવા નિર્ણય થયેલ છે.

શરતો :-

૧ આ લેબોરેટરીને/સંસ્થાને અપાયેલ માન્યતાએ માત્ર સરકારશ્રીની સગવડતા ગણાશે. આ માન્યતા માત્ર માર્ગ અને મકાન વિભાગ પુરતી આપવામાં આવે છે.

૨ આ સંસ્થા/લેબોરેટરીએ ગેરીના નિયત પત્રકો અનુસાર પરીક્ષણની નોંધણી તથા પરિણામો આપવાના રહેશે. તેમજ ઈનવર્ડ રજીસ્ટર તથા આઉટ રજીસ્ટર નિભાવવાના રહેશે.

૩ આ સંસ્થા/લેબોરેટરીએ તેમના દ્વારા કરવામાં આવતા માર્ગ અને મકાન વિભાગ તથા અન્ય સરકારી વિભાગો/ખાનગી વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ નમૂનાઓ માટે લેબ નંબર આપવાના રહેશે. જેની નોંધ ઈનવર્ડ રજીસ્ટર તથા આઉટ રજીસ્ટરમાં રાખવાની રહેશે.

૪ દરેક ત્રણ માસે દરેક લેબોરેટરી/સંસ્થા દ્વારા કરવામાં આવેલ દરેક મટીરીયલના કરેલ પરીક્ષણની સંખ્યા, તે પૈકી સફળ થયેલ પરીક્ષણની સંખ્યા, નિષ્ફળ ગયેલ પરીક્ષણની સંખ્યા, થયેલ આવક વગેરેનો અહેવાલ સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ-૧, ગેરી રેસકોર્સ, વડોદરાને કરારની શરત મુજબ મોકલવાનો રહેશે. જેની ચકાસણી કરી સંશોધન અધિકારીશ્રીએ જે તે લેબોરેટરી/સંસ્થા દ્વારા માન્યતા મળેલ પરીક્ષણથી વધારે પરીક્ષણ ન થાય તે બાબતે ધ્યાન રાખવાનું રહેશે તથા પ્રત્યેક જિલ્લામાં માન્યતા પ્રાપ્ત થયેલ લેબોરેટરી/સંસ્થાને રોટેશનમાં કામગીરી સોંપવામાં આવે છે કે કેમ તે અંગેનો અહેવાલ દર ત્રણ માસે સમિતિને સુપ્રત કરવાનો રહેશે. જે તે લેબોરેટરી/સંસ્થા દ્વારા આ અહેવાલ રજુ ન થાય તો તે બાબતે પણ સંશોધન અધિકારીશ્રીએ ત્રિમાસિક અહેવાલમાં સરકારશ્રીનું ધ્યાન દોરવાનું રહેશે.

૫ આ સંસ્થા/લેબોરેટરીએ તેમને જે પરીક્ષણ માટે માન્યતા આપવામાં આવેલ છે તે પરીક્ષણના નામ તથા પરીક્ષણ શુલ્કની વિગતો કરારની શરતો પ્રમાણે ૨૫ મીમી ફોન્ટ સાઇઝમાં બોર્ડ લખવાની રહેશે.

૬ જ્યારે પણ કરારમાં જણાવેલ ફરજીયાત સ્ટાફમાં ફેરફાર થાય ત્યારે તેના પુરાવા સંસ્થા/લેબોરેટરી દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને દિન-૫ માં આર.પી.એ.ડી. થી જાણ કરવાની રહેશે. આમ કરવામાં નિષ્ફળ જનાર

સંસ્થા/લેબોરેટરીની આ બાબત ધ્યાને આવતા માન્યતા સ્થગિત કરવામાં આવશે. જ્યારે પણ જરૂરી ફરજીયાત સ્ટાફની સંખ્યામાં ઘટાડો થાય ત્યારે તેની જાણ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને કરવાની રહેશે. જ્યાં સુધી જરૂરી ફરજિયાત સ્ટાફ નિમાય નહી ત્યાં સુધી જે તે સંસ્થા/લેબોરેટરીની માન્યતા તેટલા સમયગાળા પુરતી કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદએ સ્થગિત કરવા પરિપત્રિત કરવાનું રહેશે. જરૂરી ફરજીયાત સ્ટાફની નિમણૂંક થયેથી તેના પુરાવા સંતોષકારક લાગ્યેથી કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદએ સ્થગિત કરેલ માન્યતા પુન: સક્રિય કરી પરિપત્રિત કરવાનું રહેશે. આ બાબતની કાર્યપાલક ઇજનેરશ્રીએ સરકારશ્રીમાં લેખિત જાણ કરવાની રહેશે.

૭ કરારની શરતો પ્રમાણે જરૂરી ફરજીયાત સ્ટાફની સંખ્યા, તેમની પે-સ્લીપ, ઇન્કમટેક્ષ, સર્વિસ ટેક્ષ કે અન્ય વિગતો સરકારશ્રી દ્વારા માંગવામાં આવે ત્યારે તે રજુ કરવાની રહેશે.

૮ આ સંસ્થા/લેબોરેટરીએ સરકારશ્રી દ્વારા નિશ્ચિત કરવામાં આવેલ ચકાસણી અધિકારીશ્રી/ અધિકારીશ્રીઓને સંસ્થાની/લેબોરેટરીની ચકાસણી દરમ્યાન પૂરેપૂરો સહકાર આપવાનો રહેશે.

૯ ચકાસણી અધિકારીશ્રીએ સુચવેલ ઊણપ/ખામી દુર ન થાય ત્યાં સુધી સંબધિત સંસ્થા/લેબોરેટરીએ ઊણપ/ખામીને સંલગ્ન પરીક્ષણો હાથ પર લેવાના રહેશે નહી.

૧૦ આ સંસ્થા/લેબોરેટરીએ નિયમાનુસાર સમયાંતરે પુવીંગરીંગ, વજનકાંટા તથા અન્ય સાધનો સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થા પાસે કેલીબ્રેશન કરવવાનું રહેશે અને તે અંગેની જાણ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને કરવવાની રહેશે. સરકારશ્રી દ્વારા માન્ય સંસ્થા બાબતે ગેરીનો નિર્ણય આખરી ગણવાનો રહેશે.

૧૧ આ સંસ્થા/લેબોરેટરીની આકસ્મિક ચકાસણી દરમ્યાન જો કોઇ પણ પ્રકારની અનિયમિતતા ધ્યાને આવશે તો સંસ્થા/લેબોરેટરીની માન્યતા રદ થઇ શકશે. માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી કક્ષાના અધિકારીશ્રીઓ દ્વારા નિયત કરેલ સરકારી અધિકારીશ્રી દ્વારા ખાનગી લેબોરેટરીની મુલાકાત દરમ્યાન ન્યુનત્તમ ધારા ધોરણો કરતા સ્ટાફ તથા સાધન સામગ્રીમાં ઘટ માલૂમ પડશે તો આ અધિકારીશ્રીનો અહેવાલ કમિટિ સમક્ષ રજુ થયેથી તેના આધારે કમિટિના નિર્ણય બાદ ખાનગી લેબોરેટરીની માન્યતા મહત્તમ ત્રણ વર્ષ સુધી રદ થઇ શકશે.

૧૨ પરીક્ષણ દરમ્યાન જ્યારે પણ માલ સામાન ફેઇલ જતો હોય ત્યારે નિષ્ફળ નમૂના પરિણામોની જાણ આ સંસ્થા/લેબોરેટરીએ મુખ્ય ઇજનેર (ગુણવત્તા નિયમન) અને અધિક સચિવશ્રી માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તથા કામના સંબંધિત મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રીને તાત્કાલિક આર.પી.એ.ડી. થી કરવાની રહેશે.

૧૩ ગુણવત્તા નિયમન/તકેદારી આયોગના અધિકારીશ્રી કે અન્ય અધિકૃત સરકારી અધિકારીશ્રી પોતાની હાજરીમાં પરીક્ષણ કરાવવા માંગતા હોય તો તે પરીક્ષણ તેમની હાજરીમાં કરવાના રહેશે.

૧૪ આ સંસ્થા/લેબોરેટરીએ તેમને ત્યાં રજુ થયેલ માલ સામાનના પરીક્ષણો અદ્યતન આઇ.એસ./આઇ.આર.સી/એમ.ઓ.એસ.ટી ના ધોરણો મુજબના કરવાના રહેશે. આ પ્રમાણે પરીક્ષણ કરવામાં આવે છે તે પ્રમાણેનું પ્રમાણપત્ર વર્ષની શરૂઆતમાં કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને રજુ કરવાનું રહેશે. જે લેબોરેટરી આ પ્રમાણે પ્રમાણપત્ર નિયત સમયે ન આપે તેમની પાસે આ પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદની રહેશે.

૧૫ આ સંસ્થા/લેબોરેટરીની કામગીરી સંતોષકારક નહી જણાય તો સરકારશ્રી કોઇ પણ તબક્કે તેની માન્યતા રદ કરી શકાશે.

૧૬ જે તે પરીક્ષણ માટે આ સાથે પત્રક-૧ મુજબના જી.એસ.ટી. વગરના ભાવો તમામ માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરીને સ્વીકાર્ય રહેશે. સદર ભાવો પર પ્રવર્તમાન દરોથી જી.એસ.ટી. અલગથી ચુકવવામાં આવશે.

૧૭ હાલમાં મંજુર કરેલ ભાવ એક વર્ષ માટે લાગુ પડશે. એક વર્ષ બાદ સરકારશ્રીની જે તે સમયે નક્કી થયેલ નિતિ પ્રમાણે પ્રતિ વર્ષ પરીક્ષણના ભાવ નક્કી કરવામાં આવશે. જે માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરીને બંધનકર્તા રહેશે.

૧૮ પરીક્ષણના પરિણામો દરેક સંસ્થા/લેબોરેટરીએ ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી જાળવવાના રહેશે.

૧૯ પરીક્ષણના નમૂના સંસ્થા/લેબોરેટરી દ્વારા એક મહીના સુધી જાળવવાના રહેશે. નિષ્ફળ ગયેલ પરીક્ષણના નમૂના પરીક્ષણ કર્યા તારીખથી ત્રણ મહીના સુધી જાળવવાના રહેશે.

૨૦ ગુણવત્તા નિયમન દ્વારા મોકલવામાં આવેલ નમૂના પરીક્ષણ બાદ ઓછામાં ઓછા ત્રણ માસ સુધી જાળવવાના રહેશે અને આ સમય દરમ્યાન ગુણવત્તા નિયમનની સુચના મુજબ જરૂર જણાય તો ફરીથી પરીક્ષણો કરી પરિણામો દરેક સંસ્થા/લેબોરેટરીએ રજુ કરવાના રહેશે.

૨૧ તા.૨૮-૦૧-૨૦૦૩ ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦-૨૦૦૦/ગુ.નિ./જન/૫૩/૧૨/સ પરિપત્રથી રચવામાં આવેલ સમિતિએ વર્ષ દરમ્યાન એક વખત દરેક સંસ્થા/લેબોરેટરીની ચકાસણી કરી પ્રમાણપત્ર આપવાનું રહેશે.

૨૨ જે તે આઇટમોમાં પૂર્વપાત્રતા ધરાવતી ખાનગી સંસ્થા/લેબોરેટરીઓને જે તે આઇટમોના ટેસ્ટમાં પત્રક-૧ માં દર્શાવ્યા મુજબના ભાવે કામ કરવા માટે સંમત્તિ મેળવી ત્યારબાદ જ સંમત્તિ આપેલ ખાનગી સંસ્થા/લેબોરેટરીઓને પૂર્વપાત્રતા ધરાવતા પરીક્ષણો

અર્થે જ માન્યતા આપવાની રહેશે. ખાનગી સંસ્થા/લેબોરેટરીઓ દ્વારા માન્યતા પ્રદાન થયેલ હોય તેવા જ પરીક્ષણો હાથ ધરી શકાશે. વિભાગીય/ પેટા વિભાગીય કક્ષાએ પરીક્ષણની કામગીરી સોંપતા પહેલા જે-તે લેબોરેટરી પરીક્ષણ અર્થે માન્યતા ધરાવે છે કે કેમ તેની ખાતરી કરવાની રહેશે. કોઇપણ કિસ્સામાં માન્યતા વગર સોંપવામાં આવેલ પરીક્ષણ અર્થે સંલગ્ન વિભાગીય/ પેટાવિભાગીય કચેરી તેમજ માન્યતા વગર હાથ ધરેલ પરીક્ષણ અર્થે સંલગ્ન ખાનગી સંસ્થા/લેબોરેટરી વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૩ કોન્ક્રીટ મીક્ષ ડીઝાઇન તથા આસ્ફાલ્ટ મીક્ષ ડીઝાઇન ગેરીમાં કરાવવાની રહેશે. પરંતુ ગેરી સમયમર્યાદામાં આ ડીઝાઇન આપી શકે તેવા કિસ્સામાં માર્ગ અને મકાન વિભાગના તા.૨૫-૦૨-૨૦૨૫ ના પરિપત્ર ક્રમાંક : LAB/10/2025/273/C ની સુચનાનું પાલન કરવાનું રહેશે.

૨૪ માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરી હાલમાં તેમને મંજુરી આપેલ પરીક્ષણો ઉપરાંત વધારાના પરીક્ષણો માટે હાલમાં સવલતો ન ધરાવતી હોય અને ભવિષ્યમાં પરીક્ષણ કરવા માંગે તો તે માટે જે તે મટીરીયલ માટેના ફરજીયાત ટેસ્ટ માટે જરૂરી સવલતો ઉભી કરી તેમણે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદને કરવાની રહેશે. કાર્યપાલક ઇજનેરશ્રી કમિટિની મંજુરી મેળવી નવા પરીક્ષણો કરવા માટે મંજુરી આપી તે બાબત પરિપત્રિત કરાશે.

૨૫ માન્યતા પ્રાપ્ત સંસ્થા/લેબોરેટરી દ્વારા પરિક્ષણની કામગીરી પોતાની લેબોરેટરીમાં જ કરવાની રહેશે. પરીક્ષણનાં અવલોકનો,ગણતરીઓ વગેરે જે તે ટેસ્ટ કરનારની સહી સાથે “Hard copy”માં રાખવાની રહેશે. કોઇપણ સંજોગોમાં પરીક્ષણની કામગીરી “ Out Sourcing” થી કરાવી શકાશે નહી.

૨૬ પરીક્ષનના નમૂના ક્યારે કઇ લેબોરેટરીમાં આપવા તે બાબતે કરારમાં જણાવેલ માર્ગદર્શન અનુસાર નિર્ણય કરવાનો રહેશે (માર્ગ અને મકાન વિભાગનો પત્ર: પરચ-૧૦-૨૦૦૫-૩૩-ભાગ-૨-સી તા.૨૨-૦૩-૨૦૧૧).

૨૭ કામ કરનાર એજન્સીઓનો ખાનગી પ્રયોગશાળા સાથે કોઇ સંબંધ હોવો જોઇએ નહી અને નમૂનાઓની ચકાસણી વખતે એ ખાતરી કરવાની રહેશે કે પરસ્પર હિતોમાં (Conflict of Interest) ઉભી થાય નહી. આ બાબતનું ધ્યાન પરીક્ષણના નમૂના આપનાર કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા રાખવાનું રહેશે.

૨૮ ભવિષ્યમાં સરકારશ્રી દ્વારા જે નીતિ/નિયમો નક્કી કરવામાં આવશે તે તમામ સંસ્થા/લેબોરેટરીને બંધનકર્તા રહેશે.

૨૯ કાર્યપાલક ઇજનેરશ્રીઓએ માર્ગ અને મકાન વિભાગના “બાંધકામના મટીરીયલ્સ તેમજ કોમ્પનન્ટ્સ સેમ્પલની ગુણવત્તા માટે પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ ગેરી લેબોરેટરીમાં કરાવવા બાબત” ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦-૨૦૦૭-૨૮-સ તા.૩૧-૧૨-૨૦૦૯ નું પાલન કરવાનું રહેશે.

૩૦ માર્ગ અને મકાન વિભાગના પત્ર : એલએબી/૧૦૨૦૧૮/૧/સ તા. ૨૩/૦૫/૨૦૧૮ થી લેબોરેટરી પરીક્ષણના સોફ્ટવેર ના અમલીકરણ અર્થે સુચના આપવામાં આવેલ છે. જે તમામ માન્યતા પ્રાપ્ત થયેલ ખાનગી લેબોરેટરીઓને બંધનકર્તા રહેશે. આ અંગે માર્ગ અને મકાન વિભાગના પત્ર : એલએબી/૧૦૨૦૧૮/૧/સ તા. ૨૦/૦૬/૨૦૧૮થી ઠરાવ્યા મુજબ ખાનગી લેબોરેટરીઓ દ્વારા પરીક્ષણના પરીણામો ઓનલાઇન મુકવામાં આવેલ ન હોય તો તેવા પરીક્ષણનું ચુકવણું પરીણામ ઓનલાઇન ન થાય ત્યાં સુધી સ્થગીત કરવાનું રહેશે.

૩૧ માર્ગ અને મકાન વિભાગના પત્ર : પરચ/૧૦/૨૦૦૫/૩૩/ભાગ/સી તા.૨૨/૦૩/૨૦૧૧ મુજબ જે જિલ્લામાં એક કરતાં વધાર ખાનગી લેબોરેટરી/ સંસ્થા ને માન્યતા મળેલ હોય તેવા કિસ્સામાં દરેક માન્યતા પ્રાપ્ત થયેલ લેબોરેટરીને ક્રમશઃ વારાફરતી પરીક્ષણની કામગીરી સોંપવામાં આવે તેની તકેદારી સંલગ્ન કાર્યપાલક ઇજનેરશ્રીને રાખવાની રહેશે.

૩૨ સરકારી કામોમાં વપરાતા વિવિધ માલસામાનના ખાનગી લેબોરેટરીમાં કરવામાં આવતા પરિક્ષણોના ભાવ (જીએસટી વગરના) નક્કી કરવા માટેના ડી.ટી.પી. બધી જ શરતો બંધનકર્તા રહેશે.

કાર્યપાલક ઇજનેર
અમદાવાદ (મા.×મ.) વિભાગ
અમદાવાદ

**નકલ સાદર રવાના પ્રતિ**

ઉપસચિવશ્રી, (રા.ર.)–૨, ૧૪/૨, માર્ગ અને મકાન વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ સાદર રવાના પ્રતિ :

(૧) અધિક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, અમદાવાદ તરફ જાણ સારુ.

(૨) અધિક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, સર્કીટ હાઉસની સામે, મહેસાણા હાઇવે, મહેસાણા–૩૮૪૦૦૨ તરફ જાણ સારુ .

(૩) અધિક્ષક ઇજનેરશ્રી, અમદાવાદ શહેર (માર્ગ અને મકાન) વર્તુળ , અમદાવાદ તરફ જાણ સારુ.

(૪) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ , અમદાવાદ તરફ જાણ સારુ.
(૫) અધિક્ષક ઈજનેરશ્રી, આલેખન (માર્ગ અને મકાન) વર્તુળ, બ્લોક–૧૩, પ્રથમ માળ, જૂના સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૬) અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક–૧૧, બીજો માળ, જૂના સચિવાલય, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૭) અધિક્ષક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ વર્તુળ, પાટનગર યોજના ભવન, સેકટર–૧૬, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૮) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ, પાટનગર યોજના ભવન, સેકટર–૧૬, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૯) અધિક્ષક ઈજનેરશ્રી, વડોદરા (માર્ગ અને મકાન) વર્તુળ, નવી કોઠી બીલ્ડીગ, વેસ્ટ વીગ, વડોદરા તરફ જાણ સાર.
(૧૦) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ, ત્રીજો માળ, 'સી' બ્લોક, નર્મદા ભવન, વડોદરા તરફ જાણ સારુ.
(૧૧) અધિક્ષક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, ૭૧૩, ૭ મો માળ, ઈ–બ્લોક, કુબેરભવન, કોઠી કેમ્પસ, રાવપુરા, વડોદરા – ૩૯૦૦૦૧ તરફ જાણ સારુ.
(૧૨) અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ તરફ જાણ સારુ.
(૧૩) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ, દયાળજી બાગની સામે, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧ તરફ જાણ સારુ.
(૧૪) અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ નં.૧, ડો.રાજેન્દ્રપ્રસાદ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧ તરફ જાણ સારુ.
(૧૫) અધિક્ષક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ નં.૨, ૧/૭, બહુમાળી ભવન, રેસકોર્સ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧ તરફ જાણ સારુ.
(૧૬) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ નં.૧, ૧/૫, બહુમાળી ભવન, રેસકોર્સ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧ તરફ જાણ સારુ.
(૧૭) અધિક્ષક ઈજનેરશ્રી, પંચાયત (માર્ગ અને મકાન) વર્તુળ નં.૨, ગાલ્સફોર્ડ ટોકીઝની સામે, માંગરોળ હાઉસ, રાજકોટ–૩૬૦૦૦૧ તરફ જાણ સારું
(૧૮) અધિક્ષક ઈજનેરશ્રી, પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ભોંયતળિયે, નિર્માણ ભવન, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ તરફ જાણ સારુ.
(૧૯) સંયુક્ત નિયામકશ્રી (રસ્તા), ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, રેસકોર્સ, વડોદરા તરફ જાણ સારુ. (બાય આરપીએડી)

**નકલ સવિનય રવાના :**

પ્રતિ, સંશોધન અધિકારીશ્રી, માર્ગ સંશોધન વિભાગ નં.૧, ગેરી, રેસકોર્સ, વડોદરા તરફ જાણ સારુ (બાય આરપીએડી)

**નકલ રવાના પ્રતિ,**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટાવિભાગ નં.૧, ૨, અમદાવાદ, ધોળકા, ધંધુકા, વિરમગામ તરફ જાણ સારુ

# ગ્લોબલ એન્જીનીયરીંગ એન્ડ જીઓટેકનીકલ સર્વિસીસ એલએલપી, વ્યારા, જિ.તાપી

| એનએબીએલ તરફથી આપવામાં આવેલ ટેસ્ટ | | સરકારશ્રી તરફથી મંજુર કરવામાં આવેલ ટેસ્ટ. | |
|---|---|---|---|
| Bitumen | Absolute Viscosity<br>Ductility<br>Kinematics Viscosity<br>Penetration (Div 1/10 mm )<br>Softening Point<br>Specific Gravity | Bitumen | Absolute Viscosity<br>Ductility<br>Kinematics Viscosity<br>Penetration (Div 1/10 mm )<br>Softening Point<br>Specific Gravity |
| Bituminous Mix | Binder Content<br>Bulk Density | Bituminous Mix | Binder Content<br>Bulk Density |
| Burnt Clay / Fly Ash Brick | Efflorescence<br>Water Absorption | Burnt Clay / Fly Ash Brick | Efflorescence<br>Water Absorption |
| Burnt Clay Brick | Dimension (Height)<br>Dimension (Length)<br>Dimension (Width) | Burnt Clay Brick | Dimension (Height)<br>Dimension (Length)<br>Dimension (Width) |
| Burnt Clay/ Fly Ash Brick | Compressive Strength | Burnt Clay/ Fly Ash Brick | Compressive Strength |
| Cement OPC / PCC | Soundness By Le-Chatelier<br>Compressive Strength<br>Final Setting time<br>Initial Setting Time<br>Standard Consistency<br>Fineness By Blaine Air Permeability | Cement OPC / PCC | Soundness By Le-Chatelier<br>Compressive Strength<br>Final Setting time<br>Initial Setting Time<br>Standard Consistency<br>Fineness By Blaine Air Permeability |
| Coarse Aggregate | Bulk Density (Compacted)<br>Bulk Density (Loose)<br>Crushing Value<br>Elongation Index<br>Flakiness Index<br>Impact Value<br>Los Angeles Abrasion Value<br>Sieve Analysis ( 125 mm to 4.75 mm)<br>Specific Gravity<br>Water Absorption | Coarse Aggregate | Bulk Density (Compacted)<br>Bulk Density (Loose)<br>Crushing Value<br>Elongation Index<br>Flakiness Index<br>Impact Value<br>Los Angeles Abrasion Value<br>Sieve Analysis ( 125 mm to 4.75 mm)<br>Specific Gravity<br>Water Absorption |
| Cube | Compressive Strength | Cube | Compressive Strength |
| Fine Aggregate | Bulk Density (Compacted)<br>Bulk Density (Loose)<br>Material Finer Than 75 Micron<br>Sieve analysis ( 4.75 mm, 2.36 mm, 1.18 mm, 600 µm, 300 µm, 150 µm)<br>Specific Gravity<br>Water Absorption | Fine Aggregate | Bulk Density (Compacted)<br>Bulk Density (Loose)<br>Material Finer Than 75 Micron<br>Sieve analysis ( 4.75 mm, 2.36 mm, 1.18 mm, 600 µm, 300 µm, 150 µm)<br>Specific Gravity<br>Water Absorption |
| Fly Ash Brick | Dimension (Height)<br>Dimension (Length)<br>Dimension (Width) | Fly Ash Brick | Dimension (Height)<br>Dimension (Length)<br>Dimension (Width) |
| Paver Block | Compressive Strength<br>Water Absorption | Paver Block | Compressive Strength<br>Water Absorption |
| Steel | Elongation<br>Mass per meter<br>Ultimate Tensile Strength<br>Yield Stress | Steel | Elongation<br>Mass per meter<br>Ultimate Tensile Strength<br>Yield Stress |
| Building Stone | Compressive Strength<br>Specific Gravity (Apparent)<br>Water Absorption | Building Stone | Compressive Strength<br>Specific Gravity (Apparent)<br>Water Absorption |
| Soil | California Bearing ratio (C.B.R) | Soil | California Bearing ratio |

| | | | |
|---|---|---|---|
| | Direct Shear Test (Angle of Internal Friction)<br>Direct Shear Test (C- Cohesion)<br>Free Swell Index<br>Grain Size Analysis (By Sieve) (4.75 mm, 2.00 mm, 0.425 mm, 0.075 mm)<br>Heavy Compaction (MDD)<br>Heavy Compaction (OMC)<br>Light Compaction ( OMC)<br>Light Compaction (MDD)<br>Liquid Limit<br>Plastic Limit<br>Specific Gravity- Fine Grained Soil<br>Unconfined Compression Strength | | (C.B.R)<br>Direct Shear Test (Angle of Internal Friction)<br>Direct Shear Test (C- Cohesion)<br>Free Swell Index<br>Grain Size Analysis (By Sieve) (4.75 mm, 2.00 mm, 0.425 mm, 0.075 mm)<br>Heavy Compaction (MDD)<br>Heavy Compaction (OMC)<br>Light Compaction ( OMC)<br>Light Compaction (MDD)<br>Liquid Limit<br>Plastic Limit<br>Specific Gravity- Fine Grained Soil<br>Unconfined Compression Strength |

કાર્યપાલક ઈજનેર
અમદાવાદ (મા.×મ.) વિભાગ
અમદાવાદ